Date:- 19-09-2024
Divya Bhaskar, Page-06, Surat

# હવે રાજકોટમાં 40 કિમી રૂટ પર મેટ્રો રેલ દોડાવવાની તૈયારી

## ગુજરાત સરકારે મંજૂરી આપી DPR કેન્દ્રમાં મોકલ્યો

નિહિર પટેલ | રાજકોટ

રાજકોટને એઈમ્સ, ક્રિકેટ સ્ટેડિયમ, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ મળ્યા બાદ હવે રાજકોટમાં મેટ્રો રેલ પણ દોડતી થશે. રાજકોટમાં મેટ્રો રેલ શરૂ કરવા માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રાજકોટ મેટ્રોની જવાબદારી ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ કંપની ગાંધીનગર કચેરી સંભાળશે. મેટ્રો રેલના અધિકારીઓ રાજકોટમાં આવીને સરવે પણ કરી ગયા છે. ગુજરાત સરકારે આ પ્રોજેક્ટને મંજૂરી આપીને તેનો ડીપીઆર કેન્દ્રમાં મંજૂરી માટે મોકલ્યો છે. કેન્દ્રની મંજૂરી મળ્યા બાદ ઝડપથી રાજકોટમાં મેટ્રો રેલનું કામ શરૂ કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. રાજકોટમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે આશરે 10 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે અને શહેરનો અંદાજિત 38થી 40 કિલોમીટરનો વિસ્તાર આવરી લેવાશે. સંભવત શાપર-વેરાવળ, 150 ફૂટ રિંગ રોડ, ખંઢેરી, એઈમ્સ સહિતના રૂટ પર મેટ્રો રેલ લાઈન બિછાવવામાં આવી શકે છે.

અગાઉ મેટ્રો રેલના અધિકારી રાજકોટમાં મેટ્રો રેલ શક્ય છે કે કેમ તેનો સરવે પણ કરી ગયા.